સર્ગ ૧૨

# આદર્શનાં સ્વર્ગો

આદર્શ આઘેથી સંકેત કરી હરહંમેશ બોલાવતો હતો. અણદીઠના સ્પર્શથી જાગ્રત થયેલો વિચાર પ્રાપ્ત કરેલી વસ્તુઓના સીમાડા છોડી મહાપ્રયત્ને નવું નવું શોધવાની અભીપ્સા રાખતો હતો. એને પગલે પગલે એક જ્યોતિર્મય જગત પ્રકાશમાં આવતું હતું. જન્મમરણને નહિ જાણનારી જ્યોતિ માટે એની ઝંખા હતી. યાત્રાને માર્ગે ડગલે ને પગલે કોઈ નવું આશ્ચર્ય જોવા મળતું, કોઈ નવો આનંદ પ્રાપ્ત થતો, આત્માની સીડીનું કો નવું પગથિયું રચાતું. શાશ્વતને સમાગમે ઉતાવળે પગે જતા યાત્રીનો ચરણસ્પર્શ માણવા માટે કોઈ દેદીપ્યમાન દેવનો આત્મા જાણે જ્વલંત સોપાન બની ગયો ન હોય એવું અનુભવાતું.

ઝળહળજોત સીડીને બન્ને છેડે આદર્શ માનસનાં સ્વર્ગો શોભતાં હતાં. એક બાજુએ રંગ પર તરતા રંગમાં અમર ઉત્કૃષ્ટતાના ઉલ્લાસ જેવાં ફૂલગુલાબી મનોહર રાજ્યો મુગ્ધ કરતાં હતાં. મર્ત્ય ક્લેવરમાં કારાવાસ ભોગવતા જીવાત્માનાં ઉપરની દિશે સ્વર્ગીય શાંતિનાં પરમચૈતન્યમય ધામો હતાં, નીચે અચિત્‌નો અંધકારગ્રસ્ત ગર્ત હતો, ને તે બન્નેના મધ્ય ભાગમાં અને આપણા જીવનની પાછળ હતું આદર્શ-મય અમર ફૂલગુલાબી પ્રાફુલ્લ્ય. પ્રકૃતિના સમર્પિત ગહન હૃદયમાંથી આરોહીને ને જીવનની આહુતિઓથી પોષણ પામીને એ પ્રભુને પદે હમેશને માટે પ્રફુલ્લિત થાય છે. અહીં માનવ હૃદયમાંય એની કળી ફૂટે છે અને પછી કોઈક સ્પર્શે, સાન્નિધ્યે કે શબ્દે જગત એક મંગલ મંદિર બની જાય છે, અને પછી તો અજ્ઞાત હતું તે સર્વ પ્રિયતમનો પ્રાદુર્ભાવ કરે છે. એક અલૌકિક આનંદનું પ્રસ્ફોટન થાય છે, જીવન સાનંદ નિવેદિત થઈ જાય છે અને આત્મા મહાસુખ પ્રત્યે ખુલ્લો થઈ જાય છે. ગૂઢ કૃપા ઓચિંતી ઊતરી આવે છે ને એને સ્પર્શે પૃથ્વીનો અભિલાષ સોનાનો બની જાય છે, દેવોનાં દર્શન થાય છે, સૂતેલા કોષાણુઓ જ્વલંત નિઃસ્પંદતાની અવસ્થામાં આવી જાય છે ને માંસમાટી આત્માનુરૂપ બની જાય છે. પછી તો આપણી ચેતનાનાં ગુપ્ત કેન્દ્રો પદ્મવત્‌ પ્રફુલ્લિત થઈને આદર્શ પ્રેમનો, નિષ્કલંક મહાસુખનો અને મનોરમ સૌન્દર્યનો અનુભવ કરે છે.

ઉચ્ચ ભૂમિકાઓમાં આ અનુભવ અમર પ્રકારનો બની જાય છે. અહીં જે કળી રૂપે હોય છે તે ત્યાં પુષ્પિત બની જાય છે. ત્યાં આવી છે અગ્નિના આગારની રહસ્યમયતા, વિચારની વિભાવંતી ભભક, સોનેરી સુખમયતા, સ્વર્ગીય સંવેદનાની

સંમુદામાં સ્વાત્મલીનતા. ત્યાં ઉદ્‌ભવે છે અદ્‌ભુત સ્વરો, સંભળાય છે સૂર્યનું હાસ્ય, અને જોવામાં આવે છે પ્રભુના પરમાનંદની કલકલનિનાદિની ઘૂમરી, સુવર્ણશુભ્ર ચંદ્રલોકની દ્રાક્ષાવલ્લી, આપણી મર્ત્યતાની વિરલ મુલાકાતે આવતી ઝલક, મધુરતા અને કાળમાં મળતી મુદા. પરંતુ અમૃતસ્વરૂપનો આપણાં હૃદયો પર દબાતો થતો સ્પર્શ પણ ત્યાં મળે છે, બ્રહ્મની બંસરીય સંભળાય છે. અહીં તો આરંભની જાગૃતિઓ છે, દૈવી વાતાવરણમાં કંપમાન ક્ષણો છે, સુવર્ણમયી શાશ્વતી પર મંડાતી સૂર્યમુખીની મીટ છે; પણ ત્યાં છે અવિનાશી આનંદો. એક જ દાંડી પર ઝૂલતાં ભુવન પર મુદામગ્ન ભુવન એક અણદીઠી દિવ્યતાના આવિર્ભાવ પ્રત્યે ઊર્ધ્વે આરોહે છે.

સનાતન સીડીની બીજી બાજુએ છે અમર અગ્નિનાં ઓજસ્વી રાજ્યો, જે આત્મસત્તાની કેવલ પૂર્ણતાઓએ પહોંચી જવાની અભીપ્સા રાખે છે. જગતના દુ:ખ ને અંધકારમાંથી, જીવન જ્યાં દફનાઈ ગયું છે તે ઊંડાણોમાંહ્યથી અમર અગ્નિ સ્વર્લોકોએ ઊંચે આરોહે છે. માનવતા એનું યજ્ઞાગાર છે: આ અગ્નિ એકવાર પ્રજ્વલિત થયા પછી ફરી કદી બુઝાતો નથી. દિવારાત્ર એને ઉઠાવીને આગળ દોડે છે અને અંતે એ નિગૂઢ ને નિત્યની જ્યોતિમાં પ્રવેશ કરે છે. ત્યાં શુભ્ર સ્વરૂપ ધારણ કરી એ પરમાત્માના અદૃશ્ય સિંહાસન સમીપ પહોંચી જાય છે.

ભ્રષ્ટતાનો ભોગ નહિ બનેલાં પ્રકાશમાન પ્રૌઢ બલોના પ્રદેશો છે, અણજન્મ્યા અવિકારી શિવમંગલનાં સ્વર્ગો છે, કાલાતીત સત્યનાં સુભવ્ય શિખરો છે, અને તે સૌ આપણા આત્માઓને વિશાળતર વાયુમંડળમાં બોલાવે છે, કાળ અને નિર્માણના માર્ગો પાર ઈશ્વરીય મનોવ્યોમમાં થઈ અનંતના સોનેરી આવિર્ભાવની દિશે તેઓ અંગુલિનિર્દેશ કરે છે. પરંતુ મનુષ્ય માટે આ આરોહ અતિશય અઘરો છે. એકમાત્ર આપણી અંદરની શાશ્વતની શકિત જ એ માટેનું સાહસ આરંભી શકે છે; કેમ કે એક એ જ આપણા ઐહિક પ્રેયમાત્રનું બલિદાન દેવા સમર્થ છે. ત્યાં આરોહીને જવા માટે અખંડ અને અશ્રાંત પરિશ્રમ કરવો પડે છે ને તે આપણા હૃદયને ને નાડીયંત્રને માટે અશકય છે. આપણું જ્ઞાન માત્ર એક બળતી મીણબત્તી જેવું છે, આપણો સદ્‌ગુણ શુભની કઠમૂર્ત્તિને સજાવેલા લફરફફર વાઘા જેવો છે. માણસનું બળ બળ નહિ, દુર્બળતા છે. અંધતા એને જોવા દેતી નથી. કીચડ એને ખૂંપાવે છે. એની તાકાત ખાલી ઠોકરો ખાય છે. અપૂર્ણતાએ માણસનો પીછો લીધેલો છે.

આપણા જેવું જેમનું પતન થયું નથી તે ભુવનો સુખમાં મહાલે છે. સંકલ્પ ત્યાં સત્યની સાથે ને શિવ શકિતની સાથે એકરૂપ રહેલાં છે. ત્યાંના અમર સ્વભાવો દિવ્યતાના વારસદાર છે, સ્વર્ગીયતાના તેઓ સહભાગી બની ગયેલા છે.

રાજા અશ્વપતિ આદર્શનાં એ રાજ્યોમાં યથેચ્છ વિચર્યો. તેમનું સૌન્દર્ય એણે સ્વીકાર્યું, તેમનો મહિમા ધારણ કર્યો, તેમનાં અદ્‌ભુત ક્ષેત્રોની મહાદીપ્તિઓમાં

ભાગ પડાવ્યો, પણ એ ત્યાં થોભ્યા વગર આગળ ચાલ્યો; કેમ કે ત્યાં જે જ્યોતિ હતી તે તીવ્ર હોવા છતાંય અધૂરી હતી. પ્રત્યેક વિચાર ત્યાં પોતાનું આગવું રાજ્ય ચલાવવા માગતો હતો, ત્યાંનું પ્રત્યેક બલ પોતાની આગવી આલમ પર સત્તા ચલાવવા ચાહતું હતું.

આવા આ આદર્શના રાજ્યને દરવાજે આવેલા યાત્રીને ત્યાં આમંત્રણ મળતું, વિજયના ને આસ્થાના પ્રતીકરૂપ એક આણબુઝાતી જોત કે આણકરમાતું ફૂલ અપાતું. એ આદર્શના ઉચ્ચ રાજ્યના વિશેષાધિકારનું સૂચક હતું. એક મહિમાવંતો ફિરસ્તો ખોજમાં નીકળેલા આત્માને માધુર્યનું ને ભાવનાનું મહાબલ ઉપહારમાં આપતો. એ પ્રત્યેક સત્યનું મૂલ, વિશ્વના હૃદયનું મર્મ, શકિતનું શિખર, પૂર્ણતાની ચાવી ને સ્વર્ગ માટેનું પારપત્ર માનવામાં આવતું. પણ તેમ છતાંય ત્યાં એવાં ક્ષેત્રો હતાં કે જ્યાં આદર્શની બધી પૂર્ણતાઓ પરસ્પર મળતી, આનંદમંડળો રચતી અને હાથ શું હાથ મિલાવતી. જ્યોતિ જ્યોતિને આલિંગતી, અગ્નિ અગ્નિને આશ્લેષમાં લેતો; પરંતુ એકબીજામાં પૂરેપૂરા ઓતપ્રોત થઈ જવાનું કોઈ કબૂલતું નહીં, અખિલ વિશ્વના વિરાટ આત્મામાં પોતાના આત્માને અંતર્લીન થઈ ગયેલો જોવા માગતું નહીં. સર્વે પોતપોતાનું પૃથક્ અસ્તિત્વ સાચવી રાખવાનો આગ્રહ રાખતા.

રાજા તો પરમને પ્રાપ્ત કરવા નીકળ્યો હતો, તેથી તેણે આદર્શના સ્વર્ગમાં ચિર નિવાસ માટે મળેલો અધિકાર જતો કરી દિવ્યતર ભુવનની ભણી પગ ઉપાડયા. જ્યાં ભેદભાવ ભૂલીને ને પોતાની આગવી સત્તા વિસારીને જ્યોતિ, મહાસુખ અને અન્ય સર્વે સુન્દર ને સ્પૃહણીય શકિતઓ અનેકોની અખિલાત્મકતાના એક-સ્વરૂપમાં એકાકાર બનીને રહે છે ત્યાં જવાને રાજા ઊપડયો.

કાળના માર્ગોની પાર, સહસ્રગુણ શબ્દમય મૌનની પાર અવિનાશી પરમ-પાવન સત્ય વિરાજે છે. પરસ્પર નિત્યયુકત અને અવિયોજ્ય બનેલાં શાશ્વતીનાં દેદીપ્યમાન સંતાનોનો ત્યાં નિવાસ છે. બૃહદ્ બ્રહ્મના તુંગ શિખર પર એ સર્વે ત્યાં એકાત્મકતા ધારીને રહેલાં છે.